## તંત્રી સ્થાનેથી......

આપણે ઝડપથી બદલાતી દુનિયામાં જીવી રહ્યા છીએ. ટેક્નોલોજીએ આપણું જીવન સરળ બનાવ્યું છે, પરંતુ તેની સાથે નવા પડકારો અને તણાવો પણ વધ્યા છે. કામનું દબાણ, અભ્યાસની સ્પર્ધા, પારિવારિક જવાબદારીઓ, આર્થિક ચિંતાઓ, સૌશિયલ મીડિયા અને સતત કનેક્ટિવિટી જેવી બાબતો આપણા ભાવનાત્મક સ્વાસ્થ્યને અસર કરી શકે છે. એસેન્સ એજ્યુકેશન અને કાઉન્સેલિંગ સેન્ટરના સંચાલક રજની જ્યોર્જએ જણાવ્યું કે માનસિક સ્વાસ્થ્ય એટલું જ મહત્વપૂર્ણ છે જેટલું શારીરિક સ્વાસ્થ્ય. હકીકતમાં, બંને એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલા છે. જ્યારે આપણું મન સ્વસ્થ હોય છે ત્યારે આપણે તણાવનો સારી રીતે સામનો કરી શકીએ છીએ, સંબંધો જાળવી શકીએ છીએ, સ્વસ્થ નિર્ણયો લઈ શકીએ છીએ અને આપણા શરીરની પણ યોગ્ય કાળજી રાખી શકીએ છીએ. સ્વસ્થ મન સ્વસ્થ શરીર અને વધુ સારા જીવનનો આધાર બને છે. માનસિક સ્વાસ્થ્ય જાળવવા માટે સંતુલિત જીવનશૈલી અપનાવવી, પૂરતી ઊંઘ લેવી, નિયમિત કસરત કરવી, પૌષ્ટિક આહાર લેવો અને ટેક્નોલોજીથી સમયાંતરે વિરામ લેવો જરૂરી છે. પરિવાર અને મિત્રો સાથે ગુણવત્તાયુક્ત સમય પસાર કરવો, પોતાની લાગણીઓ વ્યક્ત કરવી, મનગમતા શોખ કેળવવા, ધ્યાન અથવા હળવી કસરત જેવી પ્રવૃત્તિઓ કરવી તેમજ તણાવનું સંચાલન શીખવાથી માનસિક મજબૂતી વધે છે. સૌથી મહત્વપૂર્ણ બાબત એ છે કે જ્યારે ભાવનાત્મક મુશ્કેલીઓ અસહ્ય બનવા લાગે ત્યારે વ્યાવસાયિક મદદ લેવામાં સંકોચ ન કરવો જોઈએ. મદદ માંગવી એ નબળાઈની નિશાની નથી, પરંતુ પોતાની જાત પ્રત્યેની સમજદારી અને શક્તિની નિશાની છે. આ વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ નિમિત્તે આપણે માનસિક સુખાકારીને આપણા દૈનિક જીવનની પ્રાથમિકતા બનાવવાનો સંકલ્પ કરીએ. તમારા મનની સંભાળ રાખો, કારણ કે સ્વસ્થ મન જ સ્વસ્થ, સુખી, સંતુલિત અને અર્થપૂર્ણ જીવનનો પાયો છે યાદ રાખીએ—જીવનમાં દરેક દિવસ સરખો હોતો નથી, પરંતુ અંધકાર પછી પ્રકાશ જરૂર આવે છે. મનને સમય આપીએ, પોતાને સ્વીકારીએ અને જરૂર પડે ત્યારે મદદ લઈએ. કારણ કે સ્વસ્થ મન માત્ર તણાવમુક્ત જીવન નથી આપતું, પરંતુ જીવનને હિંમત, આશા અને અર્થ સાથે જીવવાની શક્તિ આપે છે. ચાલો, આ વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસથી એક નવી શરૂઆત કરીએ—મનની વાત કરીએ, મનની કાળજી રાખીએ અને એકબીજા માટે આશાનું કારણ બનીએ. કારણ કે સ્વસ્થ મનથી જ સ્વસ્થ સમાજ અને સુખી સમાજનું નિર્માણ શક્ય છે.

# રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ 'શક્તિમાન' બ્રાન્ડની તીર્થ એગ્રો ટેકનોલોજી એકમની મુલાકાત લીધી

## ૧૦૦થી વધુ દેશોમાં એક્સપોર્ટ કરતાં 'મેક ઇન ઈન્ડિયા' પ્રોડક્શન 'યુનિટમાં મેન્યુફેક્ચરિંગ, સંશોધન અને નવીન ટેક્નોલોજી અંગે રાજ્યપાલશ્રીએ તલસ્પર્શી માહિતી મેળવી



કમલમ્,રાજકોટ

રાજકોટ જિલ્લાની બે દિવસીય મુલાકાતે પધારેલા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજરોજ રાજકોટના ભુણાવા સ્થિત ઈન્ડસ્ટ્રીયલ ઝોનમાં આવેલી 'શક્તિમાન' બ્રાન્ડની તીર્થ એગ્રો ટેકનોલોજી કંપનીની મુલાકાત લીધી હતી. આ તકે રાજ્યપાલશ્રી દેવવ્રતજીએ કંપનીના મેન્યુફેક્ચરિંગ યુનિટ, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ વિભાગ, ટ્રેનિંગ સેન્ટર તથા પ્રોડક્ટ નિદર્શન વિભાગની મુલાકાત લઈ કંપનીની સમગ્ર કાર્યપ્રણાલી અંગે તલસ્પર્શી માહિતી મેળવી હતી. તેઓશ્રીએ મેન્યુફેક્ચરિંગ પ્રક્રિયા, નવીન ટેક્નોલોજી, સંશોધન તથા ગુણવત્તા જાળવણી અંગે કંપનીના પ્રતિનિધિશ્રીઓ સાથે રસપૂર્વક સંવાદ કર્યો હતો. 'મેક ઇન ઈન્ડિયા'ની ભાવનાને સાકાર કરતી તીર્થ એગ્રો કંપની રાજકોટમાંથી વિશ્વના ૧ થી વધુ દેશોમાં કૃષિ સાધનોની નિકાસ કરે છે તે જાણીને રાજ્યપાલશ્રીએ કંપનીની કામગીરીની પ્રશંસા કરી હતી. કંપનીના ચેરમેન શ્રી અશ્વિન ગોહિલ તથા મેનેજિંગ ડિરેક્ટરશ્રી હસમુખ ગોહિલે કંપની દ્વારા ઉત્પાદિત ૩૫થી વધુ પ્રકારના એગ્રો ઈક્વિપમેન્ટ તથા વિવિધ વેરિએન્ટ્સ અંગે રાજ્યપાલશ્રીને વિગતવાર માહિતી આપી હતી. રાજ્યપાલશ્રીએ સંસ્થા દ્વારા કરવામાં આવતા રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ, કર્મચારીઓની તાલીમ, ટેક્નિકલ કૌશલ્ય વિકાસ તથા સુરક્ષા માટેના વિવિધ પ્રયાસો અંગે પણ માહિતી મેળવી હતી. ખાસ કરીને કૃષિ ક્ષેત્રની જરૂરિયાતોને અનુરૂપ નવીન સાધનો વિકસાવવા કંપની દ્વારા કરવામાં આવતા સંશોધન અને પ્રયાસોમાં તેમણે વિશેષ રસ દાખવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, સંસ્થાના પ્રમુખશ્રીઓ દ્વારા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીનું હળની પ્રતિકૃતિ તથા મોમેન્ટો અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યું હતું. આ વેળાએ રાજકોટ જિલ્લા કલેક્ટરશ્રી ડૉ. ઓમપ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનંદુ સુરેશ ગોવિંદ, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી વિજયસિંહ ગુર્જર, આસિસ્ટન્ટ કલેક્ટર શ્રી ટીના કલ્યાણ, પ્રાંત અધિકારીશ્રી-ગોંડલ સહિત વિવિધ વિભાગોના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ચાંદરણી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રક્તદાન કેમ્પ યોજાયો



કમલમ્,ઈકબાલ મેમણ

સાબરકાંઠામાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ સાબરકાંઠા જિલ્લામાં સ્વૈચ્છિક રક્તદાનને પ્રોત્સાહન આપી જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર રક્ત ઉપલબ્ધ થાય તે દિશામાં વિવિધ સ્તરે જનભાગીદારી સાથે કામગીરી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત ચાંદરણી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રામ્ય વિસ્તારના નાગરિકોએ ઉત્સાહપૂર્વક સહભાગી બની ૧૦ યુનિટ રક્તદાન કર્યું હતું. પ્રસૂતિ દરમિયાન થતો ગંભીર રક્તસ્ત્રાવ, અકસ્માત, મોટી સર્જરી, કેન્સર, થેલેસેમિયા તથા અન્ય ગંભીર રોગોની સારવાર દરમિયાન રક્ત અને તેના ઘટકોની જરૂરિયાત ઊભી થઈ શકે છે. આવા સંજોગોમાં સમયસર ઉપલબ્ધ થતું રક્ત દર્દી માટે જીવનરક્ષક સાબિત થઈ શકે છે. જીએમઈઆરએસ બ્લડ બેંક, હિંમતનગર દ્વારા બ્લડ કલેક્શન કરી તમામ રક્તદાતાઓને પ્રમાણપત્ર એનાયત કરી તેમના અમૂલ્ય માનવતાવાદી યોગદાનનું સન્માન કરવામાં આવ્યું હતું. જાયન્ટ્સ સહિયર ગ્રુપ, હિંમતનગર દ્વારા રક્તદાતાઓને પ્રોત્સાહક ઈનામ આપી રક્તદાનની ભાવનાને પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

## ભરૂચ નગરપાલિકા દ્વારા અંબેમાતા વિદ્યાલય ખાતે ધારાસભ્યશ્રી રમેશ મિસ્ત્રીના અધ્યસ્થાને સેવાસેતુ કાર્યક્રમ યોજાયો



કમલમ્,ભરૂચ

ભરૂચ નગરપાલિકા દ્વારા રાજ્ય સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓની માહિતી વધુમાં વધુ નાગરિકો સુધી પહોંચે તેમજ પાત્ર લાભાર્થીઓને વિવિધ યોજનાઓનો લાભ સરળતાથી મળી રહે તે હેતુસર અંબેમાતા વિદ્યાલય બંબાખાના રોડ ભરૂચ વોર્ડ નંબર-૧,૨,૯,અને૧૦ માટે સેવાસેતુ કાર્યક્રમ શહેરી ૨.નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે, ધારાસભ્યશ્રી રમેશભાઈ મિસ્ત્રીસહિતનાઉપસ્થિતમહાનુભાવોએ નાગરિકોને સરકારની વિવિધ લોકકલ્યાણલક્ષી યોજનાઓના લાભો તેમજ હુકમોનું વિતરણ કર્યું હતું. ધારાસભ્ય શ્રી રમેશ મિસ્ત્રીએ આ તકે જણાવ્યું હતું કે, સરકારી યોજનાઓની માહિતી મેળવી પાત્રતા અનુસાર તેનો લાભ લેવા અને અન્યને પણ લાભ અપાવવા અનુરોધ કર્યો હતો. સરકારની સેવાઓ અને યોજનાઓનો લાભ સમાજના અંતિમ વ્યક્તિ સુધી સરળતાથી અને પારદર્શક રીતે પહોંચે તે માટે સેવાસેતુ જેવા કાર્યક્રમો સરકાર દ્વારા યોજવામાં આવે છે. આ કાર્યક્રમમાં વોર્ડ કોર્પોરેટર,નગરપાલિકાનાપદાધિકારીશ્રીઓ, અન્ય મહાનુભાવો લાભાર્થીઓ અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# "સ્વચ્છતા એ મોટું કામ, સફાઈ કર્મચારી સાચા હીરો:" રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

## રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી રાજકોટ તાલુકાના ગઢકા ગામ ખાતે સ્વચ્છતા અભિયાનમાં જોડાયા



કમલમ્,રાજકોટ

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી રાજકોટ તાલુકાના ગઢકા ગામ ખાતે સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતા. રાજ્યપાલશ્રીએ સ્વયં ઝાડુ લઈને ગામના મુખ્ય ચોકમાં સફાઈ કરી હતી અને ગ્રામજનોને સ્વચ્છતા જાળવવા માટે પ્રેરણા આપી હતી. આ તકે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગામમાં સ્વચ્છતાની સુંદર સ્થિતિ અને અન્ય વ્યવસ્થાઓની પ્રશંસા કરતા સરપંચ તથા ગામ લોકોને અભિનંદન પાઠવ્યા હતા. ગ્રામજનોને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે, સ્વચ્છતા એ મોટું મિશન છે. તેને સદાય જાળવવી જરૂરી છે. મહાત્મા ગાંધીજીના "સ્વચ્છતા ત્યાં પ્રભુતા"ના સંદેશનો ઉલ્લેખ કરતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, સ્વચ્છતા એ મોટું કામ છે અને તેને જાળવી રાખનારા તથા નિયમિત સ્વચ્છતા કરનારા આપણા સાચા હીરો છે. આ તકે તેમણે ગામમાં સ્વચ્છતા કરનારા વિવિધ સફાઈ કર્મચારીઓનું પુરસ્કાર આપીને સન્માન પણ કર્યું હતું. ગઢકા ગામમાં સ્વચ્છતા અભિયાનમાં રાજ્યપાલશ્રીની સાથે રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી સંજયભાઈ પીપળીયા, વાંકાનેર-કુવાડવાના ધારાસભ્ય શ્રી જીતુભાઈ સોમાણી, રાજકોટ તાલુકા પંચાયત પ્રમુખ શ્રી વિજયાબેન દાવડા, જિલ્લા કલેક્ટરશ્રી ડૉ. ઓમ પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનંદુ સુરેશ ગોવિંદ, આસિસ્ટન્ટ કલેક્ટર શ્રી ટીના કલ્યાણ, ગઢકા ગામના સરપંચ શ્રી કીર્તિબેન બથવાર તેમજ અન્ય અગ્રણીઓ પણ જોડાયા હતા.

# હિંમતનગર ખાતે જિલ્લા કલેકટરશ્રી લલિત નારાયણ સિંઘ સાંદુની ઉપસ્થિતિમાં ',JOSH-ટીબી મુકત ભારત ટીમ'નું જિલ્લા કક્ષાએ લોન્ચિંગ તથા 'ટીબી મુકત પંચાયત' સન્માન સમારોહ યોજાયો

## ઉપસ્થિત સૌએ રાષ્ટ્રીય સ્તરના લોન્ચિંગ કાર્યક્રમને વર્ચ્યુઅલ માધ્યમથી નિહાળ્યો



### કાર્યક્રમમાં જિલ્લા કક્ષાએ 'ટીબી મુક્ત' જાહેર થયેલી ગ્રામ પંચાયતોના સરપંચશ્રીઓ, ટીબી વિજેતાઓ તથા નિક્ષય મિત્રોને સન્માનિત કરાયાં

કમલમ્,

સાબરકાંઠામાં જિલ્લા કલેકટરશ્રી લલિત નારાયણસિંઘ સાંદુની ઉપસ્થિતિમાં હિંમતનગર ખાતે 'JOSH–ટીબી મુક્ત ભારત ટીમ'ના જિલ્લા કક્ષાના લોન્ચિંગ તથા 'ટીબી મુક્ત પંચાયત' સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા યુવા બાબતો અને રમતગમત મંત્રાલય તથા સંરક્ષણ મંત્રાલયના સહયોગથી યોજાયેલા JOSH ટીમના રાષ્ટ્રીય સ્તરના લોન્ચિંગ કાર્યક્રમનું વર્ચ્યુઅલ માધ્યમથી નિહાળન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.રાજ સુતરીયા એ જણાવ્યું હતું કે, ટીબી મુક્ત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે સમાજના દરેક વર્ગની સહભાગિતા જરૂરી છે. સૌ સાથે મળીને જનજાગૃતિ ફેલાવી ટીબીના નાબૂદી અભિયાનને વધુ વેગ આપીએ. જિલ્લા ક્ષય અધિકારી ડો. ફાલ્ગુનીબેન પરમાર એ જણાવ્યું હતું કે, JOSH(JointSquad for Health) ટીમ અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના દરેક તાલુકામાં તાલુકા કક્ષાની ટીમોની રચના કરવામાં આવી છે. આ ટીમોમાં વર્ગ-૧ અધિકારીઓ, માય ભારત સ્વયંસેવકો તથા NCC કેડેટ્સને જોડવામાં આવ્યા છે. વધુમાં જણાવ્યું કે, ટીમ દ્વારા ટીબી અંગે જનજાગૃતિ, જનભાગીદારી તથા ફિલ્ડ કક્ષાની વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી ટીબી નાબૂદીના અભિયાનને વધુ સઘન બનાવવામાં આવશે. કાર્યક્રમ દરમિયાન જિલ્લા કક્ષાએ 'ટીબી મુક્ત' જાહેર થયેલી ગ્રામ પંચાયતોના સરપંચશ્રીઓ, ટીબી વિજેતાઓ તથા નિક્ષય મિત્રોને સન્માનિત કરવામાં આવ્યા હતા. ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત રચાયેલી JOSH ટીમો દ્વારા ટીબી નાબૂદી માટે જનભાગીદારી વધારવા, લોકોમાં ટીબી અંગે જાગૃતિ લાવવા તેમજ ફિલ્ડ કક્ષાની કામગીરીને વધુ અસરકારક બનાવવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી સહિત સાબરકાંઠા જિલ્લાના તમામ તાલુકાના ટીબી મુક્ત ભારત કમિટીના નોડલ ઓફિસરશ્રીઓ, ક્ષય વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ, NCC કેડેટ્સ, માય ભારત સ્વયંસેવકો સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# હિંમતનગર ખાતે માહિતી કમિશનરશ્રી સુબ્રહ્મણિયમ આર. ઐયરની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં "સંવાદ -માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ના અમલીકરણ અને જવાબદારીના સુદૃઢીકરણ અંગે પરિસંવાદ યોજાયો



કમલમ્,ઈકબાલ મેમણ

સાબરકાંઠા જિલ્લામાં RTI Week Celebration અંતર્ગત હિંમતનગર કલેક્ટર કચેરીના પોળો સભાખંડ ખાતે 'સંવાદ- માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫નું અમલીકરણ અને જવાબદારીનું સુદૃઢીકરણ' વિષય પર પરિસંવાદ યોજાયો હતો. માહિતી કમિશનરશ્રી સુબ્રહ્મણિયમ આર. ઐયરની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં યોજાયેલા આ પરિસંવાદમાં અધિક નિવાસી કલેક્ટરશ્રી ક્રિષ્ના વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. દર વર્ષે તા. ૫ થી ૧૨ ઓક્ટોબર દરમિયાન RTI Week Celebration ની ઉજવણી કરવામાં આવે છે. આ અંતર્ગત માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ના અસરકારક અમલીકરણ, જાહેર માહિતી અધિકારીઓની જવાબદારી તથા પારદર્શક વહીવટ અંગે જાગૃતિ અને માર્ગદર્શન પૂરું પાડવાના હેતુથી વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. માહિતી અધિકાર અધિનિયમ- ૨૦૦૫ નો મુખ્ય ઉદ્દેશ્ય સરકારી કામગીરીમાં પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવાનો છે. નાગરિકોને સરકારી વિભાગો અને જાહેર સત્તામંડળો પાસેથી માહિતી મેળવવાનો અધિકાર આ અધિનિયમ દ્વારા આપવામાં આવ્યો છે. માહિતી અધિકારના અસરકારક અમલીકરણથી વહીવટી પ્રક્રિયામાં પારદર્શિતા વધે છે અને નાગરિકો તથા વહીવટી તંત્ર વચ્ચે વિશ્વાસ વધુ મજબૂત બને છે. પરિસંવાદ દરમિયાન માહિતી અધિકાર અધિનિયમના અમલીકરણ સાથે સંકળાયેલા વિવિધ પાસાઓ, જવાબદારીઓ અને પારદર્શક વહીવટ અંગે માર્ગદર્શન અને ચર્ચા કરવામાં આવી હતી. આ વર્ચ્યુઅલ પરિસંવાદમાં સાબરકાંઠા જિલ્લાના વિવિધ વિભાગોના જાહેર માહિતી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આંતરરાષ્ટ્રીય પોસ્ટ દિવસ નિમિત્તે કડી સર્વ વિશ્વવિદ્યાલયની બીબીએ કોલેજના NSS યુનિટ દ્વારા પોસ્ટ ઓફિસની શૈક્ષણિક મુલાકાત

## પોસ્ટ ઓફિસની સેવાઓ, નાણાકીય વ્યવહારો અને રોજગારીની તકો અંગે વિદ્યાર્થીઓને વિસ્તૃત માર્ગદર્શન અપાયું



કમલમ્,ગાંધીનગર

આંતરરાષ્ટ્રીય પોસ્ટ દિવસ નિમિત્તે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (NSS યુનિટ) દ્વારા સેક્ટર-૨૩, ગાંધીનગર સ્થિત સબ પોસ્ટ ઓફિસની શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને પોસ્ટ ઓફિસના ઈતિહાસ, તેની વિવિધ સેવાઓ, સામાજિક ક્ષેત્રે તેના યોગદાન તથા રોજગારીની તકો અંગે પ્રત્યક્ષ જ્ઞાન આપવાનો હતો. આ મુલાકાત દરમિયાન સબ પોસ્ટ માસ્ટર શ્રીમતી હિરલ પ્રહલાદભાઈ પટેલે વિદ્યાર્થીઓને પોસ્ટ ઓફિસના ઈતિહાસ, કાર્યપદ્ધતિ અને વર્તમાન સમયમાં તેની પ્રસ્તુતતા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે પોસ્ટ ઓફિસ દ્વારા પૂરી પાડવામાં આવતી વિવિધ ટપાલ અને પાર્સલ સેવાઓ, નાણાકીય વ્યવહારો, બચતલક્ષી સેવાઓ તેમજ સામાજિક જવાબદારીઓ અંગે માહિતી આપી હતી.

રક્ષાબંધન જેવા તહેવારો દરમિયાન સરહદ પર ફરજ બજાવતા જવાનોને રાખડી અને સંદેશાઓ પહોંચાડવાની સેવા સહિત પોસ્ટ વિભાગની વિવિધ લોકઉપયોગી પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ પોસ્ટ ઓફિસમાં ઉપલબ્ધ પોસ્ટકાર્ડ, ટપાલ ટિકિટ (સ્ટેમ્પ), ગંગાજળના વેચાણની વ્યવસ્થા તેમજ અન્ય મહત્વપૂર્ણ દસ્તાવેજો અને સેવાઓનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું. આ ઉપરાંત, પોસ્ટ વિભાગમાં વિવિધ હોદ્દાઓ પર ઉપલબ્ધ રોજગારીની તકો, જરૂરી લાયકાતો અને કામગીરી અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે ગ્રામીણ ડાક સેવક શ્રી શર્મા આયુષ રાજેશકુમારે પોતાના કાર્યક્ષેત્રના અનુભવો વિદ્યાર્થીઓ સાથે વહેંચ્યા હતા અને પોસ્ટ વિભાગની કામગીરી અંગે વ્યવહારુ સમજ આપી હતી. વિદ્યાર્થીઓએ પોસ્ટ ઓફિસની દૈનિક કામગીરી, કર્મચારીઓની જવાબદારીઓ અને નાગરિકોને આપવામાં આવતી સેવાઓ અંગે રસપૂર્વક માહિતી મેળવી હતી.

મુલાકાત દરમિયાન પોસ્ટ માસ્ટર તથા સમગ્ર સ્ટાફ દ્વારા આપવામાં આવેલા સહયોગ, માર્ગદર્શન અને સેવાભાવી અભિગમની પ્રશંસા કરવામાં આવી હતી. આ શૈક્ષણિક મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓને પોસ્ટ વિભાગની પરંપરાગત સેવાઓ સાથે આધુનિક સમયમાં તેની વિસ્તરતી ભૂમિકા, નાણાકીય સેવાઓ અને સામાજિક યોગદાન અંગે ઉપયોગી જ્ઞાન પ્રાપ્ત થયું હતું.

સમગ્ર મુલાકાતનું આયોજન અને સંકલન કડી સર્વ વિશ્વવિદ્યાલયના NSS પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રકારની શૈક્ષણિક મુલાકાતો વિદ્યાર્થીઓમાં વ્યવહારુ જ્ઞાન, સામાજિક જાગૃતિ અને વિવિધ સરકારી સેવાઓ પ્રત્યે સમજ વિકસાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

